Divya Bhaskar

June 21, 2015
Page No. 4

EDI

## EDIમાં આશ્રય ફાઉન્ડેશનનું લોકાર્પણ કરતાં પૂર્વ રાષ્ટ્રપતિ

# વિશ્વ પર્યાવરણ, નાગરિકો, અર્થતંત્ર, આઇડીયાઝથી સંકળાયેલું છે: કલામ

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

એન્ટ્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં એન્ટ્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં આશ્રય ફાઉન્ડેશનનું લોકાર્પણ કર્યા બાદ ડો.અબ્દુલ કલામે જણાવ્યું હતું કે વિશ્વ આજે ચાર ઝડપી કનેક્ટિવિટી પર્યાવરણ, નાગરિકો, અર્થતંત્ર અને આઈડીયાઝથી

**અમદાવાદ** સંકળાયેલું છે એવું પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામે શનિવારે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીના વિસ્તરણથી વિશ્વમાં નવા જ્ઞાનનો ઉદય થઈ રહ્યો છે અને તેથી વિશ્વના એક હિસ્સાની સમસ્યાનો ઉકેલ અન્ય હિસ્સાના એક્સપર્ટસ દ્વારા શોધવામાં આવે છે.

આગામી વર્ષ 2030નું વિઝન રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વના મોટાભાગના દેશોમાં સારી ગુણવત્તાવાળું પાણી અને ઊર્જા પૂરી પાડવામાં આવતી હશે, તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ મળતું હશે, વ્યાજબી ભાવે લોકોને તબીબી સારવાર મળશે, સમગ્ર વિશ્વમાં શાંતિ, પ્રગતિ, સલામતી જોવા મળશે. ભારતમાં રોજગારીની સમસ્યાનો ઉકેલ વિદ્યાર્થીની સ્કિલ વિકસે એવું પ્રેક્ટિકલ જ્ઞાન જરૂર છે.

ડો.કલામે જણાવ્યું હતું કે બેંગલોરની એક મલ્ટિનેશનલ સોફ્ટવેર કંપનીની મેં મુલાકાત લીધી તો તેમાં મલ્ટિકલ્ચરલ વાતાવરણ જોવા મળ્યું હતું. ચીનના સોફ્ટવેર ડેવલપર, પ્રોજેક્ટ લીડર કોરિયાના, ભારતના સોફ્ટવેર એન્જિનિયર, અમેરિકાના હાર્ડવેર આર્કિટેક્ટ, જર્મનીના કોમ્યુનિકેશન એક્સપર્ટની ટીમ મળીને ઓસ્ટ્રેલિયાની બેન્કની સમસ્યાનું નિવારણ કરી રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઈડીઆઈના ડિરેક્ટર ડો.દિનેશ અવસ્થીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ઇન્ક્યુબ વેન્ચર્સના ડિરેક્ટર મણિઐયર, લાઈવલીહૂડ સર્વિસીઝના ડિરેક્ટર રાજેન્દ્ર જોશી વગેરે મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



EDI ખાતે આશ્રય ફાઉન્ડેશનનું લોકાર્પણ

## સાળંગપુરમાં કલામે પ્રમુખસ્વામી સાથેના કેટલાક પ્રસંગો વર્ણવ્યા

**સાળંગપુર** ગામે અબ્દુલ કલામે જાતે લખેલ અંગ્રેજી પુસ્તક 'પરાત્પર' પ્રમુખસ્વામી સાથેના તેમના આધ્યાત્મિક અનુભવો' નામનું પુસ્તક પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કર્યું હતુ. તેમણે કેટલાક પ્રસંગો સ્વામીને સંભળાવ્યા ત્યારે પ્રમુખસ્વામીએ તેમને રોકીને જણાવ્યું હતું કે બધુ જ ભગવાનની કૃપાથી થાય છે. આપણે કર્તા નથી. તરત જ કલામે કહ્યું કે આપ અહં-મમત્વથી અલિપી રહો છો તેથી મને આપના પ્રત્યે વધુ ભાવ જાગે છે અને તેમણે પ્રમુખ સ્વામીનો હાથ હાથમાં લઇ લાંબા સમય સુધી દબાવી રાખ્યો હતો. બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું કે પ્રમુખસ્વામી અંગ્રેજી નથી જાણતા જયારે કલામ ગુજરાતી નથી જાણતા તેમ છતાં તેમની વચ્ચે ભાવાત્મક એકતા એવી હતી. જેના લીધે બંને એકબીજાને સમજી શકતા અને પરિણામે આ પુસ્તકનું નિર્માણ થયું છે.